શિશુગૃહ, સુરતની સંસ્થાના નવા મકાનના બાંધકામ માટે રૂ.૨,૪૪,૪૩,૬૦૦/- ની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0199/CHH Section
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯/૦૫/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૬/૦૧/૨૦૨૩ના પત્ર ક્રમાંક : DSD/0464/12/2022.
(2) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૮/03/૨૦૨૩ના પત્ર ક્રમાંક : DSD/0352/03/2023.

**પ્રસ્તાવના :**

વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, સુરતની સંસ્થાના નવા મકાન બાંધકામ માટે રૂ.૨,૪૪,૪૩,૬૦૦/- (અંકે રૂપિયા બે કરોડ ચુંમાળીસ લાખ તેતાલીસ હજાર છસ્સો પુરા)ની નવી બાબત ૨૦૨૩-૨૪ તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ. સદરહુ નવી બાબતનો અંદાજપત્ર ૨૦૨૩-૨૪માં જોગવાઈ થતાં વંચાણે લીધેલા ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, ગાંધીનગરના પત્રથી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, સુરતની સંસ્થાના નવા મકાન બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, સુરતની સંસ્થાના નવા બાંધકામની નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સામેલ રૂ.૭૩,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા તોતેર લાખ ચાલીસ હજાર પુરા)ની જોગવાઈ સાથે, આ સંસ્થાના બાંધકામ

માટે કુલ રૂ.૨,૪૪,૪૩,૬૦૦/- (અંકે રૂપિયા બે કરોડ ચુંમાળીસ લાખ તેતાલીસ હજાર છસ્સો પુરા)ની નવી બાબતને નીચે જણાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો :</u>

1. આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDBના તા.30/03/૨૦૨૨ ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat – Integrated Master Plan Portal સાથે Linkage કરી Integration Completion Certificate with unique Project ID મેળવી લેવાનું રહેશે.
2. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રીએ તત્કાલીન પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
3. બાંધકામને અનુરૂપ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં(નોર્મ્સ અનુસાર) કરકસરપૂર્વક નિયામકશ્રીએ વિગતવાર ચકાસણી કરીને ફર્નિચર ખરીદવાનું રહેશે.
4. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
5. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરુરિયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રીએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
6. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતા પહેલા જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
7. જમીન સંપાદન/પુન:સ્થાપન કે પુન:વર્સન વિગેરે કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
8. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટ અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
9. આ યોજનાની અમલવારી અર્થે કોઈ અન્ય વિભાગ સાથેના લિંકેજની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
10. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
11. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

12. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તો તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
13. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
15. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ(GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. સૂચિત કામો પૈકી જે કામો MGNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MGNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામકશ્રીએ તકેદારી રાખવાની રહેશે.
17. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતિ સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાન્ટ રીલીઝ કરવાની નિયામકશ્રીએ તકેદારી રાખવાની રહેશે.
18. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
19. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારૂ ઉપયોગ અને અમલવારી માટે Operation and Maintenanceની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
20. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યનાં સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
21. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
22. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેન્દ્રિય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાંની રહેશે.
23. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજૂરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
24. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
25. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

26. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

27. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

28. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

29. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ્દ ગણાશે.

30. સદરહુ નવી બાબતનો ખર્ચ નીચે મુજબના સદર હેઠળ આકારવાનો રહેશે.

માંગણી નં. - ૮૪

સેકટર - (ખ) સામાજિક અને સમૂહ સેવાઓના મૂડી હિસાબ.

સબ સેકટર - (છ) સામાજિક કલ્યાણ અને પોષણ

મુખ્ય સદર - ૪૨૩૫–સમાજ સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ.

મુખ્ય પેટા સદર - ૦૧-પુન:સ્થાપન

ગૌણ સદર - ૨૦૧ –અન્ય પુન:સ્થાપન યોજના

પેટા સદર - ૪૨- મકાનો

વિગતવાર સદર -૫૩૦૦ - મોટાકામ

હેતુ સદર

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૯/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Kpatel

(જયદીપ પટેલ)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)